

# સેતુ

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૪ અંક : ૯૩ જુલાઈ - ૨૦૨૨**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : ડૉ. નરેશભાઈ વેદ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## શ્રીકૃષ્ણની બાળલીલાના આધ્યાત્મિક અર્થો

### યમલાર્જુન મોક્ષલીલા :

કુબેરના બે પુત્રો મણિગ્રીવ અને નલકુબેર. તેમની પત્નીઓ સમેત નિર્લજ્જ થઈ નદીમાં નગ્ન થઈ છાટકા બની જળક્રિડા કરતાં હતાં. કુબેર જેવા શ્રીમંતના વહુ દીકરાઓને કોણ રોકે કે ટોકે ? નારદઋષિએ એમની નિર્લજ્જતા અને નફફરાઈ જોઈ એમને વૃક્ષ થઈ જવાનો શ્રાપ આપ્યો, સાથે કૃષ્ણાવતારમાં શ્રીકૃષ્ણ દ્વારા એમનો મોક્ષ થશે એવા આશીર્વાદ આપ્યા. એ બન્ને ભાઈઓ ગોકુળમાં નંદબાબાને ત્યાં આંગણામાં યમલાર્જુન વૃક્ષ થઈને ઉભા હતા.

આ યમલાર્જુન એટલે રાગ અને દ્વેષ. બંને જોડકા ભાઈઓ જેવા છે. રાગની પત્નીનું નામ આસક્તિ અને દ્વેષની પત્નીનું નામ ઈર્ષ્યા છે. રાગ-દ્વેષ, આસક્તિ અને ઈર્ષ્યા એ ચારેય મનુષ્ય જીવનમાં નાચ કરતા હોય છે. તેમનાથી જે છૂટે છે તેનું કલ્યાણ થાય.

જેમ તોતિંગ વૃક્ષોને મૂળમાંથી ઉખાડીને ફેંકવા સરળ નથી હોતા તેમ રાગ-દ્વેષ આદિ દ્વંદોને પણ મૂળમાંથી ઉખાડીને ફેંકવા સરળ નથી હોતા. શ્રીકૃષ્ણ રુપી પ્રેમ જ આ કાર્ય કરી શકે. પ્રેમ પ્રગટ્યા પછી નથી કોઈના તરફ રાગ રહેતો કે નથી કોઈના પ્રત્યે દ્વેષ રહેતો. પ્રેમ પામ્યા પછી વ્યક્તિ નિર્દંભની ભૂમિકાએ પહોંચી પરમ પ્રેમનો આસ્વાદ માણી શકે છે.

### ઘરડું એટલે શું ?

ઘરડું એટલે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગના ત્રણ વળો વડે વણાયેલો પૂર્ણ યોગનો પાશ,કર્મ, જ્ઞાન અને ભક્તિ-એ ત્રણેય સાધનાના ધોરી માર્ગો છે. એટલે લોકો એમાંથી કોઈ એક માર્ગે સાધના કરે છે. પણ પ્રત્યેક સાધના હંમેશા પ્રભુને પામવામાં બે વેંત ટુંકી પડતી હોય છે. એ બે વેંત છે અહંતા અને મમતાની. આ બે વેંત પ્રભુકૃપા થાય તો જ પૂરી થાય અને લોકોની સાધના એ ઉપરાંત ભગવત કૃપા હોય તો જ મનુષ્યને પૂર્ણ સિદ્ધિ મળે. માત્ર સાધના કરવાથી સિદ્ધિ મળે નહીં.

### ઉલૂમલ એટલે શું ?

જેમાં કોઈ વસ્તુને માંડવાની ક્રિયા કરી શકાય તેને ઉલૂમલ અથવા ખાંડણિયો કહે છે. આ એનો સાંસારિક અર્થ થયો. આધ્યાત્મિક અર્થમાં ખાંડણિયો એટલે પ્રભુના નામનો જપ, એનું અનવરત રટણ. આપણા જ્ઞાન ઉપર અજ્ઞાનના છોતરા ચઢી ગયા હોય છે. પ્રભુના નામનો જપ ખાંડણીયામાં વારંવાર લાંબો સમય સુધી એને ખાંડતા રહેવાથી અજ્ઞાનના છોતરાં જુદા પડી જાય છે અને જ્ઞાન પ્રગટ થાય છે. આ જ્ઞાન પ્રેમનું છે. શ્રી કૃષ્ણ સ્વયંમ પ્રેમ છે. પ્રેમ રટણ, તડપન અને સ્મરણ વિના નથી રહેતો.

**ડૉ. નરેશભાઈ વેદ**

## પ્રમુખનો પત્ર

આયુષ્યકાળને ત્રણ ભાગમાં વહેંચીએ તો ૨૦-૨૫ વર્ષ સુધીનું બાળપણ અને વિદ્યાર્થીકાળ. ત્યારબાદ ૨૫ થી ૬૦-૬૫ સુધી બહુજ મહત્વનો ગાળો જ્યારે સર્વોચ્ચ સ્થળે જોશ અને જોમ હોય. ઈચ્છાઓ અને સપનાઓની અમર્યાદ અભિક્ષા. પૈસા કમાવવા, બાળકોને ભણાવવા અને પરણાવવા, વેપાર ધંધા અને સમાજમાં ઉચ્ચસ્તરનું સ્થાન પામવાની મહેચ્છા, નવા સંબધો અને સંસ્કારો માટે મહત્વનો ગાળો.

૬૦-૬૫ પછી આવે છે જીવનનો ઉત્તરાર્ધ જ્યારે આપણી બધી શક્તિઓ ક્ષીણ થતી જાય. કુટુંબ અને સમાજની અંદર ગણના ન થાય. શરીર ઘસાતું જાય. અવનવા રોગોને દોસ્તી કરવાનું મન થાય. આવક અને વિચારોની દ્રષ્ટિએ નવી પેઢી સમક્ષ આપણે લઘુતા અનુભવીએ. જગત જે ઝડપે વિકસે છે તેની સાથે તાલ મેળવવાનું મુશ્કેલ બને. આપણને ખ્યાલ નથી કે આપણું કેટલું લાંબુ અને કેવું આયુષ્ય છે, બાળકો દાદ ન દે અને જીવનરથના બે પૈડાંમાંથી એક પૈડું વછૂટી જાય ત્યારે સંપૂર્ણ એકલતાનો અનુભવ થાય. હતાશા ઘેરાઈ વળે. મન કોચવાય અને ચાલુ જીવનની વિડંબણાઓથી થાકી જવાય. આમ આવનારી મુશ્કેલીઓ ઈશ્વરદત્ત છે. વૃદ્ધત્વ આવવાનું જ છે. આ પરિસ્થિતિમાંથી પસાર થવાનું જ છે. શું થશે કેવી વિડંબણાઓ આવશે કેવા રોગથી આપણે ત્રસ્ત થઈશું તે કંઈ જ આપણને ખબર નથી. ઈશ્વર જ આપણને મારનાર કે તારનાર છે. ઈશ્વરે જે આપણે માટે નિર્મીત કરેલ છે તે સ્વીકારે અને ભોગવે જ છૂટકો. ભવિષ્ય ઈશ્વર પાસે સુરક્ષીત છે. ઈશ્વર જ સૃષ્ટીના રચયિતા છે. ઈશ્વરની દરેક કૃતિ હેતુસર બનાવેલ છે. ઈશ્વર પાસે આપણી પ્રાર્થના હોય કે સૌનું કલ્યાણ થાય. આપણું જીવન કરુણામય બને અને દરેક વ્યક્તિ એકબીજાને ઉપયોગી અને આધારીત છે. ફળ, ફૂલ, અનાજ, સુરજ અને પાણી સૌ ઈશ્વરે આપણા ઉપભોગ માટે બનાવ્યા છે. આપણે ફક્ત તે સ્વીકારી સાચવી અને તેને સંવર્ધીત કરીએ તો તે સ્તુત્ય ગણાશે.

# અશક્તાશ્રમના આશ્રયે

## ભર્યું ભર્યું

- ઉષા ચંદ્રવદન શાહ

ત્રણ ફૂટ લાંબા અને ઘટાદાર વાળ સાથે ચાલે ત્યારે લટક મટક થતો ચોટલો, ઉંચા-પહોળા, હસતું મોઢું, ધરતી ધ્રુજાવતા ચાલતા, અશક્તાશ્રમના ખજાના સમા બહેનની વાત કરું.

૬ વર્ષ પહેલા આ યુગલ અશક્તાશ્રમમાં રહેવા આવવાની અપીલ કરતું આવેલું. ૬૦ વર્ષ વટાવેલા પણ સશક્ત દેખાતાં બહેનને મ્હેં પૂછ્યું : ''અશક્તાશ્રમમાં શું સેવા આપશો ?'' પળવાર મુંઝાયેલા બહેન કહે, ''ભજન કરીશું'' મ્હેં કહ્યું : ''ભજન સાથે ભોજન કરશો કે નહિં ? બહેન હસી પડ્યા. મારો કહેવાનો ઈરાદો સમજી ગયેલા બહેન હસી પડ્યા. તરત જ કહે : હા બહેન સો માણસની રસોઈ હું આજે પણ કરી શકું. હું રસોડાની વ્યવસ્થામાં જરુર ઉભી રહીશ. તેમના પતિ ધીર-ગંભીર લાગ્યા. પુછીએ તેનો ટુંકામાં જવાબ આપે પણ સક્ષમ લાગ્યા. યુગલને દાખલ કરવામાં કશું પણ વાંધાજનક ન લાગ્યું.

થોડા દિવસમાં રહેવા આવી ગયા. પહેલા દિવસે સાંજે આરતી પછી ગવાતા ભજનોમાં તેમણે એક ભજન ગાયું. પહાડી અવાજ, તાલબદ્ધ સૂર અને બોધક ભજન સાંભળી સૌ ખુશ થઈ ગયા. આ યુગલ બ્રાહ્મણ છે. ગૃહમાતા વિમળાબહેનને લાગ્યું મંદિરના કામોમાં આવે તો બહુ સારુ. વિમળાબહેનની ઉંમર બોલવા લાગી હતી. થોડી જવાબદારી કોઈ લે તો બહુ સારું. થોડા દિવસ પછી પુછ્યું. 'તમે મંદિરમાં હું બતાવું તે જવાબદારી લેશો ?' બહેને તરત જ હા પાડી. ભગવાનને સ્નાન કરાવવું. વસ્ત્ર બદલવા, શણગાર કરવો, દૂધ ધરાવવું, આરતી કરવી, પ્રભુને પોઢાડવા વિ. અનેક નાના મોટા પણ ભાવાત્મક કામો. પાછી શરત એ કે વિમળાબહેનની રીતે કરવાનું.

રસોડાનો જીવ મંદિરના ઝીણા ઝીણા કામમાં ન ચોંટ્યો. છતાં પણ ૧ વર્ષ પ્રેમથી કામ કર્યું. વિમળાબહેનને આ કામ બીજાને સોંપવાની અરજી કરી. રસોડાનું જવાબદારીભર્યું અને ચટાકેદાર કામ લીધું.

રસોડાના અધધ કામ તેમને ગભરાવતા નહીં. તેમના આવડત ભર્યા હાથ નીચે ત્રણ કર્મચારીઓ સરસ તાલીમ લઈ રહી છે. અશક્તાશ્રમમાં દરેક કામ ઝીણવટભરી રીતે થાય તેનો સઘન પ્રયત્ન થાય છે. આ બહેનની રસોડામાં હાજરી સ્હવારે ૬-૩૦ વાગે દૂધ ગરમ થાય તે જોવાથી માંડીને રાતના દૂધ મેળવવા સુધીના કામોમાં જોવાની હોય છે. ટૂંકમાં અશક્તાશ્રમમાં રેઢિયાળપણું નથી. વ્યવસ્થિત રસોડું, ચોખ્ખાઈ, સાત દિવસના ગરમ ઠંડા નાસ્તા અને બે વખતના જમવાનાની વિચારણા, સંખ્યા મુજબની ગણતરીની રસોઈ, વધે ઘટે તેની ચીવટ, ચટાકેદાર રસોઈ, વારેઘડીએ મનગમતા મિષ્ટ ભોજનની વડીલોના સ્વાસ્થ્યને લક્ષમાં રાખીને થતી રસોઈ. કેટલું લખું ? વાંચતા થાકો તેટલા કામ રસોડામાં છે. રમાબહેનના કડક પણ પ્રેમાળ સ્વભાવથી બધું સાચવાઈ રહ્યું છે.

ગામડામાં રહેતી આ બાઈને મોબાઈલનું જ્ઞાન પણ સારું છે. તેમનામાં કોઈપણ જાતનો ખોટો ક્ષોભ કે સંકોચ નથી. તેમને ૫૦૦ માણસની સભામાં બે મિનીટ બોલવાનું કહો તો તે બોલી નાંખે. સરસ ગરબા કરે, બધાની સાથે ડાન્સ કરવાનો હોય તો પણ કરે. ખુશનુમા વ્યક્તિ છે. સઘન સારવાર કક્ષના વડીલોના ખાવાપીવાનું ખાસ ધ્યાન રાખે.

જેટલા બહેન સક્રિય છે તેટલા તેમના પતિ પણ સક્રિય છે. વ્યક્તિત્વ જુદા પણ સક્રિય સરખા. વૃદ્ધ પુરુષો અને વિધવા બાઓને પેન્શન આપવાની સરકારની સ્કીમ છે. તે માટે સરકારી ઓફિસરો સાથે સંપર્ક કરવાનો, સરકારના ફોર્મમાં અનેક પ્રશ્નો !! તેમના રેશનકાર્ડ, આધારકાર્ડ, પતિ મરી ગયા છે તેનું ડેથ સર્ટીફિકેટ, નિરાધાર છે તેના પુરાવા વિ.વિ, અનેક પ્રશ્નોના સમાધાન લઈ, ઓફિસરો સાથે ઘરોબો કેળવી અનેકવાર ધક્કા ખાઈ તેમણે આપણા ૩૦ વડીલોને પેન્શન મેળવતા કરી દીધાં છે. હવે તેમના સગાઓ સામું પણ ન જુએ તો આર્થિક આધાર રાખવાનો રહેશે નહીં.

આવા કામઢા યુગલનો ભૂતકાળ જાણવાનું મન થાય તે સ્વાભાવિક છે. બહેનની સાથે બેઠી'તી. તેમની સાથે વાતો કરતાં કરતાં તેમણે તેમના ભૂતકાળના પાના ઉથલાવ્યાં.

બહેન હું બહુ કઠણ જીંદગી જીવી છું. નાની ઉંમરની હતી અને બાપા ગુજરી ગયા'તા. મ્હેં તેમનું મોઢં જોયું નથી બહેન. મારી બાએ બિચારીએ લોકોના કામો કરી, ખૂબ મહેનત કરી. દિલનું દુઃખ અંદર છૂપાવીને અમને મોટા કર્યા છે. મારા મામાને કેમ ભૂલું ? અમે એમના ઋણી છીએ. તેઓ બાને મદદ કરતા અને હિંમત આપતા. અમારા લગ્ન કરાવવામાં પણ મારા મામાનો મોટો ફાળો છે.

લગ્ન પછી મુંબઈ આવ્યા. તેમના પતિને કોપરેલની મિલમાં નોકરી મળી હતી. મુંબઈમાં ચાર વર્ષ રહ્યા. મુંબઈ ન ગમ્યું. અમદાવાદ આવ્યા. અમદાવાદમાં સારી સ્કૂલમાં ક્લાર્કની નોકરી મળી. આ દરમ્યાન આ બહેન કોઈને કોઈ કારણસર જરુર હોય, કોઈ પ્રસંગ હોય, કોઈને નાસ્તા બનાવવા હોય તો જતાં. ચટાકેદાર રસોઈના કારણે અને ખુશનુમા આભાને કારણે સૌને પ્રિય બનતાં. બહેન સ્કુલમાં બપોરની રિસેસમાં છોકરાઓ માટે નાસ્તા કરીને પણ ઘરના બે છેડા ભેગા કરવાનો પ્રયત્ન કરતા. ૩૫ વર્ષ અમદાવાદમાં રહ્યા.પતિની નોકરી છૂટી ગઈ, બહેનને ખેડામાં પી.ટી.સી. કોલેજમાં ગૃહમાતા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા. તેમના પતિને પણ છોકરીઓની સીક્યુરીટી માટે તેમની સાથે રહેવાનું થયું.

અત્યાર સુધી ચટાકેદાર રસોઈ બનાવવામાં મસ્તાન બહેન હવે ગૃહમાતા બન્યા. છોકરીઓને સ્હવારે ઉઠાડવાની, જમાડવાની, ટાઈમસર સ્કૂલે મોકલવાની, તેમની રૂમની સ્વચ્છતા જોવાની, તેમના હલનચલન પર નજર રાખવી, શિસ્તના પાઠ તેમના જીવનના ભાગ બની જાય તે કામ 'મા' બનીને શામ, દામ, દંડ, ભેદ વાપરી હોસ્ટેલમાં ગૃહમાતાનું પદ શોભાવ્યું. આમ પતિના કાંધે કાંધ મિલાવી ઘરનાવ સરસ રીતે હંકાર્યું. જ્યાં રહ્યાં ટેસથી રહ્યા.

હવે સાંઠ વર્ષ ઓળંગી ગયા છે. અત્યાર સુધી ખૂબ મહેનત કરી, કરકસર કરી પણ લહેરથી જીવ્યા. સંતાનમાં માત્ર એક દીકરી જ છે. સારા વર અને ઘરમાં પરણાવી છે. દીકરીની બધી જવાબદારીઓ પણ પતાવી દીધી છે. દીકરી સુખી છે. આ બન્ને એકલા પડ્યા. ભર્યું જીવન અને ભર્યું ઘર ખાલી-ખાલી લાગવા માંડ્યું. ભવિષ્ય અઘરું લાગ્યું. હાથ પગ ચાલે છે ત્યાં સુધી બાદશાહ છીએ પણ પછી ? આર્થિક, શારીરિક, કૌટુંબિક, માનસિક-આજ બધી જ દ્રષ્ટિએ વિચારી અશક્તાશ્રમના બારણે આવ્યા. આવી છે આ યુગલની વાત.

**આ બહેન એક ભજન ગાય છે !**

**ઓ ડાકોરના ઠાકોર**

**તારા બંધ દરવાજા ખોલ**

ભગવાન એમની અરજ બધા માટે સાંભળે તેવી પ્રાર્થના.

# સંસ્થા સમાચાર

- કે. બી. શાહ

### રામ નવમી

વસંત ઋતુના ઉત્તરાર્ધના દિવસો એ જ છેલ્લા છેલ્લા વસંતી વાયરા, ફૂલ ગુલાબી વાતાવરણમાં ચૈત્રસુદ -૯ રામ નવમી મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજીનો જન્મોત્સવ. કૃષ્ણ કહે તે કરવાનું રામ કરે તે કરવાનું. રામ એટલે ચતુર્ભુજ સ્વરુપથી વધુ એક આદર્શ. એક વચનના પાલક. આદર્શ પુત્ર, ભાઈ, પતિ. રામના જીવનના જેટલા પ્રસંગોમાંથી સમાજ પ્રેરણા લે તો સમાજ વધુ ને વધુ રામરાજયનો અનુભવ કરી શકે. અશક્તાશ્રમના આંગણે પ્રત્યેક જાહેર અને ધાર્મિક તહેવારો ધામધૂમથી ઉજવવાની પરંપરા રહી છે. આશ્રમવાસી બહેનો કંઈને કંઈ ભાવના હૃદયમાં લઈ રાધાકૃષ્ણની મૂર્તિઓને મંદિરને વિશિષ્ટ ઓપ આપે. રાધા-કૃષ્ણને આજે આબેહૂબ રીતે સીતા-રામના સ્વરુપમાં હાથમાં ધનુષબાણ અને એવા જ સફેદ વસ્ત્રો, આભૂષણોથી શણગારાયા. આજે આશ્રમ અયોધ્યામાં તબદિલ થયેલો દેખાય. આસોપાલવના તોરણ આજે કોઈ અલૌકિક ધાર્મિક પ્રસંગે તેની ગવાહી પૂરે. આખું વાતાવરણ માંગલ્યરુપ લાગે. સાંજે સ્વજનોએ પ્રસંગને અનુરુપ ભજનો લઈને પ્રસંગની આગળ જમાવટ કરી. શ્રી અનિલપ્રભુ, કેબી શાહ, શ્રી રાજુભટ્ટ,ભાઈશ્રી પૂનિત અને બીજો નાનો પૂનિત ઢોલ-વાજીંત્ર-હારમોનિયમ અને મંજીરા લઈ બેસી ગયા. વડીલો ભજનમાં તાલી પાડી તાલ પુરાવે. બેનો પણ રામ ભજન ગાય. સ્વજન પિન્કીબેન સુશ્રી ઉષાબેનની આવડતોની આગવી રીતે ટુ કોપીની ઝલકની છાંટ દર્શાવે. ભજન-આરંભ-પ્રચાર પછી મિષ્ટ ભોજન વાહ ભાઈ વાહ......

### ભજન સંધ્યા

તા. ૧૮-૪-૨૦૨૨ નિયમિત રીતે થતી ભજન સંધ્યા-ફરજ સમજીને આવતા નિયમિત ભજનિકો કંઈ ને કંઈ નવું લઈને આવે. આજે મુંબઈથી ખાસ બિન્દુબેન પધાર્યા હતા. સૌ આશ્રમવાસીઓને જુદી જુદી રમતો રમાડી હતી. વિજેતાઓને ઈનામ પણ આપ્યા હતા. સુશ્રી બિન્દુબેન આવે એટલે કંઈક નવિન વાનગીઓની મોજ અંગતરસ લઈ કરાવે. આજે પાણીપૂરી-ભેળપૂરી અલ્પાહારમાં નહીં પણ પૂર્ણ રીતે જમાડ્યા હતા. સુશ્રી બિન્દુબેન આવે એટલે સિંધુબેન આવ્યા તેવું સૌ આશ્રમવાસીઓને અનુભવાય. પુનઃ તેમના આગમનની રાહ પણ જોવાય. ગુજરાતી ભાષાની સમૃદ્ધિ છે જતા તે ગુડબાય નહીં. જજો નહી પણ આપણે આવજો કહીને એક ગુજરાતી સંસ્કૃતિનું સર્જન કરીએ છીએ. મીઠાને ખારું હોવા છતાં મીઠું કહીએ છીએ. મૃત્યુ પામનારને ડેથ થયું નહીં સ્વર્ગવાસ-ગોલોકવાસ કહીએ છીએ.

આર.પી. પટેલ ગાયત્રી હાઈસ્કુલના બાળકોને કૃષ્ણાશ્રય ગૌશાળા. શુભવિચારોની ગંગોત્રી અને તેના નકશાબદ્ધ અમલના આગ્રહી એવા પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈ થકી શરુ થયેલ એક નવતર પ્રયોગ (બીજો) દંડી સ્વામી સંચાલિત શ્રી ચંદ્રવદનભાઈ શાહનું નવું એક સોપાન એટલે શ્રી કૃષ્ણાશ્રય ગૌશાળા. ગાયત્રી હાઈસ્કુલ શાળાના લગભગ ૧૨૫ બાળકોને આમંત્રિત કરવામાં આવ્યા. પ્રાર્થના, ભજન, રમતગમત, પ.પૂ.શ્રી વિજયદાસજી દ્વારા ગૌ અને ગૌશાળાનો મહિમા-જરુરીયાતનો વિશિષ્ટ રીતે પરિચય કરાવવામાં આવ્યો. યોગાનુયોગ શ્રી ડૉ. નરેશભાઈ શાહની હાજરી નોંધનીય રહી. તેમણે પણ સૌનું સ્વાગત કર્યું. ભાઈશ્રી પૂનિત અને કે.બી. શાહે સૌનો આભાર માન્યો. શ્રી વિષ્ણુભાઈ પંચાલ સ્કુલ ટ્રસ્ટીએ ખાસ બાળકોને લાવવા લઈ જવા સુધીની વ્યવસ્થા કરી. શિક્ષકો-બાળકોને સમોસા-કોઠીનો હાથ બનાવટનો આઈસ્ક્રીમ આપી ખુશ કર્યા. શ્રી ચંદ્રવદનભાઈનો આ બીજો પ્રયોગ હેમખેમ પૂર્ણ સફળતાને વર્યો.

ગ્રીષ્મ ઋતુનો પ્રારંભ થઈ ચુક્યો. સૂરજદાદા હવે બહુ શરમ ભરતા નથી. વૃક્ષોની નિકંદન અને દિન પ્રતિદિન વધી રહેલું પ્રદુષણ, હંમેશા રહેતો કોરોનાનો ડર ઘરમાં જ આશ્રમમાં જ ડાહ્યા થઈ બેહસી રહેવા મજબૂર કરે છે. સખત ગરમી પડી, ઠેરઠેર કરફયુની અસર જોવા મળી. આશ્રમમાં પણ કોઈ જાહેર પ્રવૃત્તિઓ ન થઈ શકે તે સહેજ છે.

### શ્રી ચંદ્રવદનભાઈનું આગમન

સખત ગરમી પછી ઠંડક આપતું શ્રી ચંદ્રવદનભાઈનું સુશ્રી ઉષાબેનનું આગમન. નવા નવા પ્રયોગોનું જન્મ સ્થાન. લેખ આગળ વધારવા જતા જે રહી ન જાય તે એક અદભૂત બીના એટલે આશ્રમના લાડકા, જો કે હવે તે પણ પરિપક્વતાને કારણે અને માથાના વાળને દેશવટો આપી દેતા યુવાન અશક્તાશ્રમના મેનેજર ભાઈશ્રી પૂનિત તેના નવા મકાન **"પ્રેમી નિવાસ"**ના વાસ્તુ-ગૃહ પ્રવેશની વાત કરવા મન અધીરું બને તે સહજ છે. સખત પરિશ્રમ, આશ્રમને પૂર્ણ સમર્પિત સૌનો પણ ખાસ પૂ. વડીલ શ્રી ચંદ્રવદન કાકાનો માનીતા હીરો. જો કે પૂનિતને પણ આ એક સ્વપ્ન જેવું લાગતું હશે. મનમાં વિચાર્યું પણ નહીં હોય ને એક ચમત્કાર થયો. પ્રેમીનિવાસ ખૂબજ સત્ય બાબત છે. પૂનિતના વડીલો પોતાનું ઘર પણ પ્રેમીથી ઓળખાતું તે તેણે ચાલુ રાખી એક સંસ્કારનું સૌને દર્શન કરાવ્યું. પૂનિતે ખૂબ પ્રેમ મેળવ્યોને દરેક સફળ પુરુષની સફળતા પાછળ એક સ્ત્રી હોય છે તેની ધર્મપત્ની પિન્કી ઉર્ફે પ્રતિમા એનું જીવંત ઉદાહરણ બની ગઈ. મદ્રાસથી તેની બેનોનું આગમન કુટુંબ સંપનું ઉદાહરણ. સમગ્ર અવધૂત ભજનમંડળ અને મિત્રોનો પ્રેમ પણ દેખાયો. શ્રી ઈન્દ્રવદનભાઈ, સુશ્રી ઉષાબેન, ટ્રસ્ટીશ્રી જયભાઈ ત્રાલસાવાળા, સુશ્રી શોભનાબેન, સુશ્રી સ્મિતાબેન મોદીએ નવા મકાનની મુલાકાત લઈ નવો પ્રાણ પૂર્યો.

### ધાન-દાન ૨૭મો પ્રયોગ

તા. ૨૮-૬, તા. ૨૯-૬, તા. ૩૦-૬. ધાનદાનમાં થતા રહેતા અનેક અનુભવો ઘણું શીખવાડે. નવા આયોજનમાં દિશા બતાવે. આ વખતે લાભાર્થીઓને ડાકોર આશ્રમ બોલાવવા ગામડાને બોલાવવામાં તેમને નક્કી સમય પણ આપવામાં તેને ખાસ વિભાજનમાં વહેંચવામાં અનેક ફેરફાર થયા. જે ખૂબ જ મદદરુપ પણ રહ્યા. ૨૨ ગામડાને બે દિવસને છેલ્લે ડાકોરને આમંત્રિત કરવામાં આવ્યું.

ડાકોર નગરના પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલ 'રાધી'ભાઈને દિપ-પ્રાગટ્ય અને ઉદ્ઘાટન માટે બોલાવવામાં આવ્યા. ડાકોર ગામમાં ટાવર પાસે રસ્તાનું કામ પૂર્ણાહૂતિમાં હતું ને જે આખીરાત ચાલવાનું હતું તે ઉજાગરો હોવા છતાં તે સમયસર આવી પહોંચ્યા. શ્રી ચંદ્રવદનભાઈએ સૌનું સ્વાગત કર્યું. પ્રમુખશ્રી રાજેશભાઈએ પોતાના હાથે આ સત્કાર કરાવવામાં આવ્યું તે બદલ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરી. શ્રી કેબી શાહે આભારની લાગણી વ્યક્ત કરી. સમયસર વિતરણ ચાલુ થયું ને વિશિષ્ટ આયોજનને કારણે સમયથી પહેલા પ્રથમ દિવસનું ધાન-દાન સંપન્ન થયું. તેનો આનંદ સંતોષ સૌ ટ્રસ્ટગણ, સ્વજન, લાભાર્થીઓના ચહેરે વર્તાતો હતો.

લાભાર્થીઓ માટેની કીટમાં બાજરી, ચોખા, મગની ફાડા દાળ, ગોળ, વાઘ બકરીની ચ્હા, તગારું વિગેરે રૂા. ૭૦૦ જેટલી જીવન જરુરીયાતની વસ્તુઓ આપી હતી.

પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈ શાહ, સુશ્રી ઉષાબેન સી. શાહ, શ્રી જય ત્રાલસાવાળા આ પ્રસંગે અન્ય ટ્રસ્ટીગણ ડૉ. નરેશભાઈ શાહ, ડૉ. નરેશભાઈ વેદ સાહેબ, શ્રી ગીરીશભાઈ શાહ, શ્રી ઉદયભાઈ કે. શાહ તથા સ્વજનો માલવભાઈ દેસાઈ હાજર રહ્યા. વૃદ્ધ વડીલો એ ભારે જહેમત ઉપાડી. ડાકોર મંદિરની નગરી છે. અશક્તાશ્રમ માનવ મંદિર છે. એક અન્નકૂટ ભરાયો હોય ને ભાવિકો તે હોંશે હોંશે પ્રસાદ લઈ જવાના હોય તેવો માહોલ રચાયો. ઉર્મિ કવિ શ્રી કરસનદાસ માણેકલાલ લુહારે "તે દિન આંસુ ભીના રે, હરિના લોચનીયા મેં દીઠાં." લખ્યું હતું. ઉપર બેઠા તે આજનો પ્રસંગ જોતા લખતા હશે કવિતાને સુધારી 'તે દિન પ્રેમ હર્ષના હરિ આંસુ ભર્યા લોચનીયા મેં દીઠા....' મંદિરો બહાર દેખાતી દારુણ વિપરીત પરિસ્થિતિ ક્યાં ને આશ્રમનો આ અન્નકૂટ ક્યાં ? આયોજકો સાચા અર્થમાં અંતરના આશીર્વાદના અધિકારી ?

-વિનોદભાઈ ઠાકર (સંવાહક-પ્રાર્થના પરિવાર)

**'સ્વીકાર'- સુગર કોટેડ દવાની ગોળી**

શરીરનો એક એક કોષ જીવંત હોય તો જ શરીરનું સ્વાસ્થ્ય સુંદર રહે છે. આ કોષની જીવંતતા માટે દરેક કોષ સક્રિય હોય છે. આ કોષો જ્યારે નિષ્ક્રિય બની જાય ત્યારે શરીર શિથિલ થઈ જાય છે. આવું શરીર કંઈ જ કરી શકતું નથી. અશક્તાશ્રમમાં રહેતા સૌ વડીલો આશ્રમના આવા કોષ સમાન જ છે. આ કોષની સક્રિયતા જેટલી વધારે તેટલા પ્રમાણમાં આશ્રમની જીવંતતા જળવાઈ રહે છે. આ માટે દરેક આશ્રમવાસીએ કોઈને કોઈ મનગમતી પ્રવૃત્તિમાં સક્રિય બની રહેવું જોઈએ. સામે ચાલીને કોઈ કાર્યમાં જોડાઈ જાઓ. નાનું સરખું કામ પણ તમારી સક્રિયતાથી દીપી ઉઠશે. તેનાથી આશ્રમનું ઓજસ ઓર વધશે. આશ્રમમાં સવારથી સાંજે ચાલતી પ્રવૃત્તિઓમાં તમારું યોગદાન તમારા પોતાના સ્વાસ્થ્ય માટે અને અંતઃકરણની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે મહત્વનું બની રહેશે.

તમને તમારા સ્વભાવને અનુકુળ પરિસ્થિતિ નિર્માણ થાય ત્યારે સુખ લાગે છે. પરંતુ પ્રતિકુળ પરિસ્થિતિમાં પણ તમારો સ્વભાવ તેને અનુકુળ રાખી શકો તે ઉત્તમ સુખદાયી નીવડે. આ વાત સદાય યાદ રાખવી. જીવનમાં જે પરિસ્થિતિવશ તમે અહીં આવ્યા છો તેના સંપૂર્ણ સ્વીકાર માટે તમે મનને હંમેશા સજ્જ રાખો. સ્વીકારથી જ સમાધાન મળશે અને સમાધાનમાં જ શાંતિનો અહેસાસ થશે તે નિશ્ચિત છે.

જીવનની એક એક ક્ષણને સ્વીકારની ભૂમિકામાં સંતોષપ્રદ બનીને જીવવાનો દ્રઢ સંકલ્પ કરો. તમને આનંદમાં રાખવા માટે આશ્રમ સંચાલન તરફથી કરવામાં આવતી પ્રવૃત્તિઓ બેનમૂન છે. પરંતુ તમારું મન સ્વીકારની ભૂમિકામાં નહી રહે તો બધું બેકાર લાગશે. શરીર કદાચ સાથ ન આપતું હોય તો મનને ક્યારેય ખાટુ થવા દેશો નહિં. આવા સંજોગોમાં અશક્તાશ્રમમાં મળેલો સહારો તમારા પૂણ્ય કર્મનો પરિપાક છે તેમ સમજીને વધુ ને વધુ પુણ્યલાભ મળે તેવી પ્રવૃત્તિમાં મનને જોડેલું રાખો તે જ સલાહભર્યું ડગલું છે. ઈશ્વરનુસંધાન જે રીતે જે રસ્તે થાય તેટલું કરતાં રહેવું એમાં જ આપણા વિવેકભર્યા જ્ઞાનની કસોટી છે. આ કસોટીમાં આપ સૌ પાર ઉતરો તેવી ઈશ્વરને અભ્યર્થના કરું છું. તમારી આ પરિસ્થિતિમાં કોઈને જવાબદાર ઠેરવવાનો આ સમય નથી. ભૂલી જાઓ અને માફ કરો તેમાં જ આપણા આત્માની શાંતિ અને આનંદ સમાહિત છે તે વાતને લક્ષ્યમાં રાખી જીવનની તરાહ ગોઠવી દેવી એમાં જ આપનું ડહાપણ સમાયેલું છે.

અશક્તાશ્રમને અશક્ત ન સમજો, તેનું સંચાલન શક્તિનો સંચાર કરતું ધબકતું યંત્ર છે. તમે સૌ આશ્રમના અંગ બની રહ્યા છો તે બદલ પરમાત્માનો ખૂબ ખૂબ આભાર માનતા રહો. જે પરિસ્થિતિમાં અહીં વસી રહ્યા છો તેને માટે પરમાત્માની અસીમ કૃપા સમજીને પ્રસન્નચિત્તે રહો એ જ અપેક્ષા સહ સહુને જયશ્રી કૃષ્ણ.

## વિનંતી

**અશક્તાશ્રમના સુજ્ઞ દાતાશ્રીઓને વિનંતી કે સરકારશ્રીના નવા નિયમો મુજબ દાન આપતી વખતે નીચેની વિગતો જરૂરથી ચેકની સાથે મોકલવી.**

**૧. દાતાનું પુરૂં નામ અને સરનામું**
**૨. દાતાનો PAN અથવા આધારકાર્ડ નંબર**
**૩. ચેક "શાંતિલાલ એમ શાહ અશક્તાશ્રમ સોસાયટી"ના નામનો લખવો.**
**૪. વસ્તુ દાન કરનાર દાતાએ પણ PAN અથવા આધારકાર્ડ નંબર આપવો જરૂરી છે.**
**૫. દાતાનો મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈડી (જો હોય તો) દાતાના સંપર્ક માટે જરૂરથી મોકલવો.**

**PAN અથવા આધારકાર્ડ વગર દાન સ્વીકારી શકાશે નહીં.**

**અશક્તાશ્રમની વેબસાઈટ સૌએ ઓપરેટ કરવા વિનંતી.**
**website : www.ashaktashram.org**

બુક-પોસ્ટ/પ્રિન્ટેડ મેટર

પ્રતિ શ્રી ______________________

______________________

______________________

**પ્રેષક :**
**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**
**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**
૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,
ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA) M. 9824030858



સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦